ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



શતરંજ કે ખેલાડી - ગાંધીનગરની આવતીકાલ રસપૂર્વક શતરંજ ખેલી રહી છે... આંતરશાળા ચેસ ટુર્નામેન્ટમાં બાળકો પોતપોતાની બુદ્ધિ ક્ષમતાને અજમાવી રહ્યા છે... જીત કોની થશે એ મહત્વનું નથી, પણ દાવ ખેલવો અને અસરકારક ચાલ ચાલવી એ શતરંજ સંદેશ છે... શહેરના નાના-નાના બાળકોએ શતરંજના દાવ ખેલી આવતીકાલની ઉજ્જવળતાનો અણસાર આપ્યો હતો... રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા આયોજીત ૭મી આંતરશાળા ચેસ ટુર્નામેન્ટમાં ઉત્સાહપૂર્વક બાળકોએ ભાગ લીધો હતો...

**સ્થાયી સમિતિમાં કમિશનરનું અવમાન કરવાના પ્રયાસ સામે**

# કમિશનરે સભાસ્થળ છોડી દીધુ

**સ્થાયી સમિતિ કમિશનરના ત્યાં ચીજ-વસ્તુઓની ખરીદીમાં થતાં વિલંબ અંગે સરકારમાં રજુઆત કરશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિમાં ચૂંટાયેલા સભ્યોએ દબાણ અને અન્ય કામગીરીને લઈ કમિશનર પર વધુ પડતો આક્રોશ ઠાલવતાં કમિશનરશ્રીને બેઠકમાંથી બહાર નીકળી જવુ પડ્યુ હતુ.

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક મળી હતી. જેમાં એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરાય તે પૂર્વે જ કમિશનરશ્રીને ભીંસમાં લેવાનો સભ્યોએ પ્રયાસ આરંભી દીધો હતો. ૧૦ મિનિટ સુધી કમિશનરશ્રીએ સૌજન્યતા દાખવી અને બધુ સહન કર્યુ હતુ પરંતુ મર્યાદા ચુકવામાં આવતાં જ કમિશનરશ્રી સ્થાયી સમિતિની બેઠક છોડી ગયા હતા. આ પછી વહીવટીતંત્ર તરફથી ડે. મ્યુનિ. કમિશનરશ્રીએ બેઠકમાં હાજરી આપી હતી અને આજની આ બેઠક સંપન્ન કરાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શાળાઓમાં ૨૨મીથી પ્રથમ સત્રાંત મૂલ્યાંકનની કામગીરી

**સરકાર ગુણોત્સવ અને મિશન વિદ્યાના પરિણામોને નજર સમક્ષ રાખી ત્રણ કેટેગરીમાં પ્રશ્નપત્રો તૈયાર કરશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની તમામ પ્રા. શાળાઓમાં નવરાત્રી વેકેશન પછી તુરત જ પ્રથમ સત્રાંતનું મૂલ્યાંકન ૨૨મી ઓક્ટો.થી હાથ ધરવામાં આવશે.

રાજ્યમાં પહેલીવાર એક સાથે દરેક જિલ્લામાં પ્રા. શાળાઓની એક સાથે મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩ થી ૫ માં ૪૦ ગુણાંકનું પ્રથમ સત્રાંત મૂલ્યાંકન થશે જ્યારે ૫ થી ૮ માટે ૮૦ ગુણાંકનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. આ મૂલ્યાંકનની કામગીરી એક સપ્તાહ સુધી ચાલશે.

ધો. ૩ થી ૫નો પરીક્ષાનો સમય ૧૧ વાગ્યાથી રહેશે જ્યારે ધો. ૫ થી ૮નો સમય ૨ વાગ્યાથી રહેશે.

આ પરીક્ષામાં પ્રશ્નપત્રો પણ રાજ્ય સરકાર દ્વારા પુરા પાડવામાં આવશે. સરકાર સાથે સંકળાયેલા વિશ્વસનીય સાધનોના જણાવ્યાનુસાર ગુણોત્સવ અને મિશન વિદ્યાના પરિણામોને આધારે સરકારે એ, બી અને સી એમ ત્રણ કેટેગરીમાં પ્રશ્નપત્રો તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. આ માટે દરેક જિલ્લાએ તેમને કઈ કેટેગરીના પ્રશ્નપત્રો જોઈએ છીએ અને વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની વિગતો તાત્કાલિક દિન-૨માં આપવાની સૂચનાઓ આપી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૧૦ થી વધુ જિલ્લાઓની માહિતી વિભાગને મળી ગઈ છે તો અન્ય જિલ્લાઓની વિગતો આજે બપોર સુધીમાં ઉપલબ્ધ થઈ જતાં જ પ્રશ્નપત્રોના છાપકામની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ વખતે નવરાત્રી વેકેશન પછી તુરત જ પ્રથમ સત્રનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. મિશન વિદ્યા તેમજ ગુણોત્સવ પછી આ પ્રથમવાર સામુહિક મૂલ્યાંકન હાથ ધરાશે જેથી બાળકોના વિકાસમાં રહેલી ત્રુટીઓ સીધી સરકારના ધ્યાને આવશે તેમ સરકારના સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લામાંથી સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળી આવ્યા

**સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૬ પર પહોંચી : ૬ દર્દીના મોત નીપજ્યા છે : હાલ સિવિલમાં ૪ દર્દી સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ બે કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ ધરાવતા કેસોની સંખ્યા ૨૬ પર પહોંચી છે.

આજે મળેલા બે કેસોમાં એક કેસ મહુડી અને બીજો કેસ બાલવાનો નોંધાયો છે. આ બે કેસોના રિઝલ્ટ પોઝીટીવ આવતાં તે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાતંત્ર દ્વારા મળી આવેલા દર્દીઓના નિવાસસ્થાનની આસપાસ સર્વેલન્સ દરમ્યાન કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ દર્દીઓમાં ૧૪ દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાંથી ૧૪ કેસ, માણસામાંથી ૨, દહેગામમાંથી ૩ અને કલોલમાંથી ૫ કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી અત્યાર સુધીમાં ૬ના મોત નીપજ્યાં છે. જેમાં ગાંધીનગરમાં ૪, માણસામાં ૧ અને કલોલમાં ૧ દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના છુટા છવાયા વિસ્તારોમાંથી મળી રહેલા કેસો એ તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. જિલ્લામાં સર્વેલન્સ માટે સઘન કામગીરીની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

# બોર્ડ પરીક્ષા માટે ૨૦મીથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે

**નવરાત્રિ વેકેશનને લઇ રજિસ્ટ્રેશન મોડેથી શરૂ : ગત વર્ષની તુલનામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ખાસ કરીને ધો-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાવાની વકી**

અમદાવાદ, તા. ૩

ધોરણ-૧૦ અને ૧૨ની ગુજરાત ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી માર્ચ-૨૦૧૯ની બોર્ડ પરીક્ષા માટે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન તા.૨૦ ઓક્ટોબર આસપાસ શરૂ કરવામાં આવે તેવી શકયતા છે. બોર્ડના ઈતિસહાસમાં

● અનુસંધાન પાન-૭ પર

# 'ઘ' અને 'ચ' માર્ગ આસપાસ પીળા અને કેસરી ફુલોથી નિખરશે

**વન આરક્ષિત જગ્યામાં ચાર લાઇનમાં એકઝોરા, કેના, ટીકોમાં જેવા રોપાઓની વાવણી કરવાનુ કામ શરૂ : દિવાળી સુધીમાં મુખ્યમાર્ગો આસપાસ ફુલોની રોનક નિખરશે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગોની આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં પીળા અને છે. વન આરક્ષિત જગ્યાની સફાઇ તેમજ ફેન્સીંગને યોગ્ય કરવા સહીત આસપાસ રંગબેરંગી ફુલો નિખરતા મુખ્યમાર્ગોની રોનક નિખરશે.



ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ૨૨ હજારથી વધુ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે આ રોપાઓની યોગ્ય જાળવણી કરવા માટે પણ વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યાને ફેન્સીંગ કરી સફાઇ પણ કરવામાં આવી રહી છે. ફેન્સીંગ અને સફાઇ ઉપરાંત નગરના મુખ્યમાર્ગોની આસપાસ કલરકોડ પ્રમાણે નવા ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નગરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં સફાઇ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત આ ઠેકાણે પાંચ મીટરના પટ્ટામાં ચાર લાઈનમાં ફુલો નિખરે તે મુજબ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જેમાં ચ માર્ગ પર પીળા અને ઘ માર્ગ પર કેસરી તેમજ બે કલરકોડ પ્રમાણે

કસેરી રંગના ફુલો નિખરશે. વનતંત્ર દ્વારા ઘ અને ચ માર્ગની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ચાર લાઈનમાં આ પ્રકારે કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી શરૂ કરી દેવામાં આવી

નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. નગરના મુખ્યમાર્ગો પર કલરકોડ પ્રમાણે નવા ફુલો નિખરે તે માટે કેના , એકઝોરા, ટીકોમાં,

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૩ અને સે-૨૫માંથી ૫૦ દબાણો દુર કરાયા

**પાકા દબાણો દુર કરતી ટીમ હવે ઝુંપડાઓ દુર કરવા કામે લાગી : હજુ ઝુંપડાના દબાણો દુર કરવાનુ અભિયાન ચાલુ રહેશે**





ગાંધીનગર તા ૩

શહેરમાં પાકા દબાણો દુર કરવા મેદાને ઉતરેલી ટીમ આજકાલ ઝુંપડા દુર કરવા માટે સેકટરોમાં ફરી રહી છે. પાકા દબાણો સાફ કરવા મેન પાવર અને મશીનરી સાથે રોજબરોજ સજ્જ થઈને નિકળતી ટીમે હવે સેકટરોમાં ઝુંપડાને ટાર્ગેટ બનાવતા આજે શહેરના સે-૨૩ અને સે-૨૫ માંથી ૫૦ જટેલા દબાણો દુર કરાયા હતા. જો કે હજુ ઝુંપડા હટાવો ઝુંબેશ ચાલુ રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં પાકા દબાણો દુર કરવા મેદાને ઉતરેલી ટીમ આજકાલ ઝુંપડાઓ પાછળ ફરી વળી છે. શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે રોજબરોજ મેન પાવર અને મશીનરી સાથે સેકટરોમાં ત્રાટકતી દબાણ તંત્રની ટીમે હવે ફરી સેકટરોમાં ઝુંપડાઓને દુર કરવા માટે અભિયાન હાથ ધર્યુ છે. સેકટરોમાં આમ પણ ઝુંપડાઓ વધી રહ્યા છે. ત્યારે સેકટરોમાં ઠેર ઠેર વધતા ઝુંપડાઓ દુર કરવા માટે આજે પણ દબાણ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે પાકા દબાણો તેમજ રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિના મામલે બોકફુટ પર આવેલી દબાણતંત્રની ટીમ દ્વારા અચાનક જ બધુ પડતુ મુકી ઝુંપડાઓ દુર કરવાનુ અભિયાન હાથ ધરાયુ છે. આજે સે-૨૩ અને સે-૨૫ માંથી તંત્ર દ્વારા ૫૦ જેટલા ઝુંપડાના દબાણો દુર કરાયા હતા. જયારે આગામી દિવસોમાં સે-૩ અને સે-૪ માં ઝુંપડા દુર કરાશે. શહેરના રહેણાંક વિસ્તાર આસપાસ તેમજ કોમન પ્લોટમાં ખુલ્લામાં ગમે ત્યાં ઝુંપડા ઉભા કરી દેવાતા સ્થાનિકો માટે પણ અનેક પ્રશ્નો ઉભા થાય છે .જયારે નગરના સેકટરોમાં વધતા ઝુંપડાઓને દુર કરવા માટે અગાઉ પણ ઝુંબેશ હાથ ધરાઈ હતી. પરંતુ લારી ગલ્લાની જેમ ઝુંપડાઓ પણ નિયત સ્થળે ગોઠવાઈ જતા આ સમસ્યાનો કોઈ કાયમી નિકાલ આવતો નથી. શહેરમાં હાલ ઝુંપડા હટાવોની આ ઝુંબેશ અન્વયે પ્રથમ દિવસે ૫૦ જેટલા ઝુંપડાના દબાણો દુર કરાયા છે. જયારે હજુ આ ઝુંબેશ યથાવત રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# ડભોડા પ્રા.આ. કેન્દ્રના નવીનીકરણ સાથે રૂરલ હેલ્થ ટ્રેનીંગ સેન્ટર બનાવાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની બેઠકમાં આજે ૧૩ જેટલા આરોગ્ય કેન્દ્રો અને ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને તોડી નવા બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોરમના અભાવે મોડી શરૂ થયેલી આ બેઠકમાં ડભોડા પ્રા.આ. કેન્દ્ર ખાતે નવુ મકાન તેમજ તેની સાથે રૂરલ હેલ્થ ટ્રેનીંગ સેન્ટરનુ મકાન પણ બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ડભોડા પ્રા.આ. કેન્દ્રના નવીનીકરણ માટે રૂ. ૧ કરોડ જેટલો જંગી ખર્ચ થશે તેવા હાલ પ્રાથમિક અંદાજો છે. જે આરોગ્ય કેન્દ્રો જુના થયા છે અર્થાત તે મકાનની ઉંમર અને સ્થિતિ સર્વેક્ષણ અંગે પી.આઈ.યુ. અને આરોગ્યની સંયુક્ત ટીમે અલગ તારવેલા ૧૩ જેટલા મકાનોને કન્ડમ જાહેર કરી અને તેનો નિકાલ કરવાનો મહત્વનો નિર્ણય આજની સભામાં લેવાયો હતો. જે આરોગ્ય કેન્દ્રોના ડિમોલીશનનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં મગોડી, ચંદ્રાલા, વાસણ, લિહોડા, લવાડ, સબદલપુર, લીમ્બડીયાનું જુનુ મકાન, બારિયા, કનીપુર ઉપરાંત

**૭.૮૦ કરોડના ખર્ચે ૧૩ આરોગ્ય કેન્દ્રોના મકાનો તોડી નવા બનાવવાની દરખાસ્ત સરકારમાં મોકલાશે**

ઉનાવાના હેલ્થ વિઝીટર્સના ક્વાર્ટર્સ, પેથાપુર ડિસ્પેન્સરીના જુના મકાન તેમજ ડભોડાના સ્ટાફ ક્વાર્ટર્સનો પણ સમાવેશ થાય છે.

આ આરોગ્ય કેન્દ્રો અંદાજે રૂ. ૭ કરોડ ૮૦ લાખના ખર્ચે નવા તૈયાર કરવામાં આવશે. આ અંગેની દરખાસ્ત તૈયાર કરી હવે સરકારમાં મોકલવામાં આવશે.

આજની બેઠકમાં જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફ્લુના કેસો અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. તંત્રને સર્વરોગ નિદાન કેમ્પોનું આયોજન કરવા માટેના આયોજનો તૈયાર કરવાની સૂચના પણ આજની બેઠકમાં આપવામાં આવી હતી.

આ બેઠક કોરમ ન થતાં એક કલાકના વિલંબ પછી કોરમ થતાં મળી શકી હતી. આ બેઠકમાં આરોગ્યના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ઈજનેરોની બનેલી પી.આઈ.યુ.ની ટીમે ૯ જેટલા આરોગ્ય કેન્દ્રોના મકાન તોડી નહિ પાડવાની કરેલી ભલામણનો સ્વીકાર કરાયો હતો. આ મકાનોમાં જરૂરી રિપેરીંગની કામગીરી આગામી દિવસોમાં ઝડપથી હાથ ધરવાની સૂચના આપવામાં આવી હતી.

# માઈક્રોશોપિંગની દુકાનો ખંડેર : પ્રતિક્ષા યાદીના લાભાર્થીઓને અન્યાય

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં એકબાજુ દબાણ હટાવ ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે શહેરમાં છેલ્લા દોઢ દાયકાથી વધુ સમયથી

**દુકાનોનો કબજો ન લીધો હોય તેવા લાભાર્થીઓના નામ પણ રદ કરાયા નથી : સરકારેને પણ ભાડાની આવકમાં મોટુ નુકશાન**

માઈક્રોશોપિંગ સેન્ટરની દુકાનો કબજાના અભાવે બિનવારસી હાલતમાં હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. લાભાર્થીઓને આ દુકાનોની ફાળવણી કરાયા બાદ પણ વર્ષોના અંતે પણ કબજો ન લીધો હોય તેવા કિસ્સામાં નામ રદ કરવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી નથી. જેના લીધે પ્રતિક્ષા યાદીમાં હોય તેવા લાભાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળ્યો નથી. જયારે સરકારે પણ ભાડાની આવકમાં લાખોનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

શહેરમાં દાયકાઓ પુર્વે લારી ગલ્લાના ચાલકો માટે માઈક્રોશોપીંગનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે આ દુકાનોનો ડ્રો કરાયા બાદ પણ સંખ્યાબંધ લાભાર્થીઓએ આ દુકાનોનો કબજો મેળવ્યો નથી. આવા સંજોગોમાં વર્ષોના અંતે આ દુકાનો બિનઉપયોગી હાલતમાં ખંડેર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com